# ધી સધર્ન ગુજરાત ચેમ્બર ઓફ કોમર્સ એન્ડ ઈન્ડસ્ટ્રી

**(આઇ. એસ. ઓ. ૯૦૦૧:૨૦૧૫ પ્રમાણિત સંસ્થા),**

"સમૃધ્ધિ", ૪થો માળ, મક્કાઈ પુલ, નાનપુરા, સુરત – ૩૯૫ ૦૦૧

SGCCI

ફોન નં. ૨૨૯૧૧૧૧ ફેક્સ નં.૦૨૬૧–૨૪૭૨૩૪૦

E-mail : info@sgcci.in Website : www.sgcci.in


---

રેફ નં. તા: ૧૯/૫/૨૦૧૯

તંત્રીશ્રી, ____________________________, સુરત.

મે. સાહેબશ્રી,

જત નીચેની પ્રેસ નોટ આપના દૈનિકમાં પ્રસિદ્ધ કરી આભારી કરશોજ.

લિ.
આપનો વિશ્વાસુ,

(ખાતાકીય વડાં)

---

# વેપાર – ઉદ્યોગના વિકાસ માટે યોગ્ય સમયે યોગ્ય સંસ્થા દ્વારા યોગ્ય વ્યકિત/કંપનીને પ્રોત્સાહિત કરવી જરૂરી છે

## ચેમ્બરના ગોલ્ડન જયુબિલી મેમોરિયલ ટ્રસ્ટ દ્વારા વર્ષ ૨૦૧૭–૧૮ માટેનો એવોર્ડ સમારંભ યોજાયો

સુરતઃ ધી સધર્ન ગુજરાત ચેમ્બર ઓફ કોમર્સ એન્ડ ઇન્ડસ્ટ્રીના ગોલ્ડન જયુબિલી મેમોરિયલ ટ્રસ્ટ દ્વારા વર્ષ ૨૦૧૭–૧૮ માટેનો એવોર્ડ સમારંભ આજે સવારે ૧૦:૩૦ કલાકે સરસાણા સ્થિત પ્લેટીનમ હોલ ખાતે યોજાયો હતો. જેમાં મુખ્ય મહેમાન તરીકે રોટરી ઇન્ટરનેશનલ અને સીઆઇઆઇ ગુજરાત ચેપ્ટરના ભુતપુર્વ પ્રમુખ તથા યુનાઇટેડ ફોસ્ફરસ લિમિટેડના ડાયરેકટર શ્રી કલ્યાણ બેનર્જી મુખ્ય મહેમાન તરીકે ઉપસ્થિત રહયા હતા. શ્રીમતી દર્શનાબેન જરદોશ તથા દક્ષિણ ગુજરાતના ઉદ્યોગ જગતના અગ્રણીઓ પણ મોટી સંખ્યામાં ઉપસ્થિત રહયાં હતાં. એવોર્ડ વિતરણ સમારંભ દરમિયાન જુદી–જુદી દસ કેટેગરી તથા આઉટ સ્ટેન્ડીગ સીઇઓ અને આઉટ સ્ટેન્ડીગ બિઝનેસ પર્સન એવોર્ડ આપી પોતપોતાના ક્ષેત્રમાં વેપાર – ઉદ્યોગને નવી ઉંચાઇ સુધી પહોંચાડવા પ્રયાસ કરી રહેલી વ્યકિત તથા કંપની / સંસ્થાઓને પ્રોત્સાહિત કરવામાં આવી હતી.

ચેમ્બરના પ્રમુખ શ્રી હેતલ મહેતાએ સર્વેને આવકાર્યા હતાં અને પ્રારંભિક ઉદ્‌બોધનમાં જણાવ્યુ હતુ કે, દક્ષિણ ગુજરાતના વિવિધ ઉદ્યોગોને પ્રોત્સાહન પૂરુ પાડવા માટે વર્ષ ૧૯૯૦થી ગોલ્ડન જયુબિલી એવોર્ડ્‌સ આપવાની શરૂઆત થઇ હતી. ઉદ્યોગો માટે આ ખૂબ જ મહત્વનો એવોર્ડ કહી શકાય છે અને ઉદ્યોગોને આનો લાભ મળ્યો છે. એવોર્ડ્‌સ વિતરણ માટે ઉદ્યોગ ક્ષેત્રે વિવિધ કેટેગરી તથા પાસાઓને આવરી લેવામાં આવે છે.

ગોલ્ડન જયુબિલી મેમોરિયલ ટ્રસ્ટના ફાઉન્ડર, ચેરમેન તેમજ ચેમ્બરના ભુતપુર્વ પ્રમુખ શ્રી રજનિકાંત મારફતિયાએ જણાવ્યું હતું કે, ચેમ્બરના ગોલ્ડન જયુબિલિ મેમોરિયલ ટ્રસ્ટ દ્વારા દક્ષિણ ગુજરાતમાં ઉદ્યોગ ક્ષેત્રે શ્રેષ્ઠતા, ઉદ્યોગ સાહસિકતા, ઉત્પાદન ક્ષેત્રે નવિનતા અને નવી ટેકનોલોજીનો ઉપયોગ, પોલ્યુશન કન્ટ્રોલ, રિસર્ચ એન્ડ ડેવલપમેન્ટ તથા એનર્જી એફિશિયન્સી વિગેરે ક્ષેત્રે એવોર્ડ્સનું વિતરણ કરવામાં આવે છે. સાથે જ પબ્લીક સેકટરમાં અને શૈક્ષણિક ક્ષેત્રે ચાવીરૂપ ભૂમિકા ભજવનારી સંસ્થાઓને પણ એવોર્ડ આપી સન્માનિત કરવામાં આવે છે.

સમારંભના મુખ્ય મહેમાન શ્રી કલ્યાણ બેનર્જીએ પોતાના વકતવ્યમાં ટ્રેડ એન્ડ ઇન્ડસ્ટ્રી માટે કામ કરી રહેલા ચેમ્બરની કામગીરીને બિરદાવી હતી. સાથે જ ગોલ્ડન જયુબિલી મેમોરિયલ ટ્રસ્ટની કામગીરી વિશે જણાવ્યુ હતુ કે, યોગ્ય સમયે યોગ્ય સંસ્થા દ્વારા યોગ્ય વ્યકિત અથવા કંપનીને તેની કામગીરી માટે પ્રોત્સાહિત કરવામાં આવે તો એ વ્યકિત અથવા કંપનીના ગ્રોથ થકી વેપાર – ઉદ્યોગનો વિકાસ સંભવ થાય છે. ખુબ સારી પ્રવૃત્તિ આ એવોર્ડ્સ થકી કરવામાં આવી રહી છે. જેને હું પ્રોત્સાહિત કરું છું.

શ્રીમતી દર્શનાબેન જરદોશે પોતાના પ્રાસંગિક ઉદ્‌બોધનમાં જણાવ્યુ હતુ કે, દક્ષિણ ગુજરાતના તમામ ઉદ્યોગોના વિકાસ માટે ચેમ્બરે ઘણી રજુઆતો કરી છે. હજી પણ ચેમ્બર રજુઆત કરી શકે છે અને તેઓ સંબંધિત વિભાગોમાં વેપાર – ઉદ્યોગ માટેની રજુઆતોને અસરકારક રીતે પહોંચાડશે.

આ સમારંભમાં જયુરીના સભ્યોનું તથા સ્પોન્સર્સનું સન્માન કરવામાં આવ્યું હતું. વર્ષ ૨૦૧૭–૧૮ માટેના એવોર્ડ વિજેતાઓને મુખ્ય મહેમાન તથા મંચસ્થ મહાનુભાવોના હસ્તે એવોર્ડ એનાયત કરવામાં આવ્યાં હતાં.

એવોર્ડ્સ વિતરણ સમારંભમાં ચેમ્બરના ભુતપુર્વ પ્રમુખશ્રીઓ શ્રી શરદ કાપડીયા અને શ્રી રાજેન્દ્ર ચોખાવાલા તથા ચેમ્બરના ભુતપુર્વ માનદ્‌મંત્રીશ્રીઓ ડો. અનિલ સરાવગી અને શ્રી દીપકકુમાર શેઠવાલાએ પ્રાસંગિક વિધી કરી હતી.

સમારંભના અંતમાં ચેમ્બરના પ્રમુખ ઇલેકટ શ્રી કેતન દેસાઇએ મુખ્ય મહેમાન અને આમંત્રિત સર્વેનો આભાર માની સમારોહનું સમાપન કર્યુ હતુ.

**એવોર્ડ વિજેતાઓની યાદી નીચે મુજબ છે.**

1. શ્રી નિમીષ વશી એવોર્ડ ફોર આઉટસ્ટેન્ડીંગ પરફોર્મન્સ ઇન એન્વાયર્નમેન્ટ કન્ઝર્વેશન એન્ડ પોલ્યુશન કન્ટ્રોલ
   **– ઓએનજીસી પેટ્રો એડીશન્સ લિમિટેડ**

2. શ્રી રતિલાલ ત્રિભોવનદાસ નાણાવટી એવોર્ડ ફોર આઉટસ્ટેન્ડીંગ વર્ક ઇન રિસર્ચ એન્ડ ડેવલપમેન્ટ
   **– યુપીએલ લિમિટેડ, વાપી.**

3. કલરટેક્ષ એવોર્ડ ફોર આઉટસ્ટેન્ડીંગ પરફોર્મન્સ ઇન એનર્જી કન્ઝર્વેશન
   **– લાર્સન એન્ડ ટુબ્રો હાઇડ્રોકાર્બન એન્જીનિયરીંગ લિમિટેડ**

4. એવોર્ડ ફોર એકસીલેન્સ ઇન ઇમ્પ્રુવીંગ પ્રોડકટીવિટી
   **– પીએનઆર ઇન્ડસ્ટ્રીઝ લિમિટેડ**

5. એવોર્ડ ફોર આઉટસ્ટેન્ડીંગ અચીવમેન્ટ ઇન સોશિયલ વેલફેર પ્રોગ્રામ બાય બિઝનેસ હાઉસ
   **– જે કે પેપર લિમિટેડ**

6. એવોર્ડ ફોર આઉટસ્ટેન્ડીગ અચીવમેન્ટ ઇન સોશિયલ વેલફેર પ્રોગ્રામ બાય એનજીઓ
– **સુરત પીડિયાટ્રિક એસોસિએશન ચેરીટેબલ ટ્રસ્ટ**

7. ફેરડીલ ફિલામેન્ટ્સ એવોર્ડ ફોર આઉટસ્ટેન્ડીગ આન્ત્રપ્રિન્યોરશિપ ઇન એમએસએમઇ સેગ્મેન્ટ
– **સંજૂ ડાઈંગ એન્ડ પ્રિન્ટીંગ મીલ્સ પ્રા.લિ.**

8. એવોર્ડ ફોર આઉટસ્ટેન્ડીગ સ્કૂલ
– **લક્ષ્મીબેન ડાહયાભાઇ હાઇસ્કૂલ**

9. મહાવીર સિન્થેસીસ એવોર્ડ ફોર આઉટસ્ટેન્ડીગ ઇન્સ્ટીટયુટ/કોલેજ ઓફ એજયુકેશન
– **એસ. આર. લુથરા ઇન્સ્ટીટયુટ ઓફ મેનેજમેન્ટ**

10. શ્રીમતી ભવાનીબેન એન. મહેતા એવોર્ડ ફોર આઉટસ્ટેન્ડીગ સી.ઈ.ઓ. ઓફ ધી ઈયર
– **શ્રી કશ્યપ દેસાઇ, ટોરેન્ટ પાવર લિમિટેડ.**

11. શ્રી ગીરધરગોપાલ મુંદડા એવોર્ડ ફોર આઉટસ્ટેન્ડીગ બિઝનેસમેન ઓફ ધી ઈયર
– **શ્રી નિરજ ચોકસી અને શ્રી જિગ્નેશ દેસાઇ, એનજે ઇન્ડીયા ઇન્વેસ્ટમેન્ટ પ્રા.લિ.**

12. રિલાયન્સ એવોર્ડ ફોર એકસીલેન્સ ઇન ફેબ્રિક પ્રોસેસિંગ
– **યશ ફેશન્સ પ્રા.લિ.**